# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 24-08-2024 Evening : 7.50 to 8.00 PM
Day : Saturday National News

આકાશવાણી- સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

******************************************************

- ડાબેરી ઉગ્રવાદ દેશની લોકશાહી માટે મોટો પડકાર હોવાનું જણાવતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ
- અમેરિકાના વિદેશમંત્રી એન્ટની બ્લિન્કને પાંચ કરોડ 28 લાખ ડોલરનાં ખર્ચે ભારતને સબમરીન-વિરોધી યુધ્ધ પ્રણાલિ સોનોબોયસનાં સંભવિત વેચાણને મંજૂરી આપી
- સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો- MSME લાખો લોકોને રોજગાર પ્રદાન કરીને રાષ્ટ્ર નિર્માણમાં ફાળો આપતા હોવાનું જણાવતા વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલ
- આગામી બે દિવસ સુધી ગુજરાત, ગોવા, મધ્યપ્રદેશ સહિતનાં રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગની આગાહી
- ક્રિકેટર શિખર ધવને ક્રિકેટનાં તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી

******************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AMIT SHAH NAXAL MEETING

ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, ડાબેરી ઉગ્રવાદ લોકશાહી માટે મોટો પડકાર છે. તેમણે જણાવ્યું હતું કે, 2014 બાદ દેશમાં નક્સલવાદી ઘટનાઓમાં 53 ટકાનો ઘટાડો થયો છે.

છત્તીસગઢની રાજધાની રાયપુરમાં આજે દેશનાં નક્સલ અસરગ્રસ્ત રાજ્યોની આંતરરાજ્ય સમન્વય સમિતિની બેઠક બાદ પત્રકાર પરિષદમાં શ્રી શાહે આ મુજબ જણાવ્યું હતું. બેઠક દરમિયાન, ગૃહમંત્રીએ ઉગ્રવાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં સલામતી અને વિકાસ સંબંધિત મુદ્દાઓ અને કાર્ય યોજનાઓની સમીક્ષા કરી હતી.

બેઠકમાં છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાય, કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાય અને છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી વિજય શર્મા પણ હાજર હતા.આ બેઠકમાં છત્તીસગઢ, ઝારખંડ, ઓડિશા, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્રના મુખ્ય સચિવ અને પોલિસ મહાનિદેશકો ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારનાં વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત કાર્યક્રમ’ દ્વારા પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની માસિક કડીનો આ 113મો એપિસોડ હશે.

આ કાર્યક્રમ આપ આકાશવાણી, દુરદર્શન, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર પણ સાંભળી શકશો.

આ ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી, હિન્દી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુટ્યૂબ ચેનલ ઉપર પણ આપ તેને સાંભળી શકશો. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમ બાદ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

# RAJNATH US

અમેરિકાના વિદેશમંત્રી એન્ટની બ્લિન્કને બહુઉદ્દેશીય એમએચ-60 આર સી-હોક હેલિકોપ્ટર માટે પાંચ કરોડ 28 લાખ ડોલરનાં અંદાજિત ખર્ચે ભારતને સબમરીન-વિરોધી યુધ્ધ પ્રણાલિ સોનોબોયસ અને સંબંધિત ઉપકરણોનાં ભારતને સંભવિત વેચાણને મંજૂરી આપી છે.

સંરક્ષણ સલામતી સહકાર એજન્સીએ જરૂરી પ્રમાણપત્ર જારી કરીને ગઈ કાલે અમેરિકન કોંગ્રેસને અધિસૂચિત કરી હતી. આ સૂચિત વેચાણથી ભારત-અમેરિકા વચ્ચેનાં વ્યૂહાત્મક અને સંરક્ષણ સંબંધો વધુ મજબૂત બનશે. ઉલ્લેખનીય છે કે ભારતીય નૌકા દળે આ વર્ષે માર્ચમાં તેનાં કાફલામાં એમએચ-60 આર હેલિકોપ્ટર્સને સામેલ કર્યા હતા.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે અમેરિકાના પ્રવાસનાં બીજા દિવસે વોશિંગ્ટન ડીસીનાં પેન્ટાગોનમાં અમેરિકન સંરક્ષણ મંત્રી લોઇડ ઓસ્ટીન સાથે દ્વિપક્ષીય બેઠક યોજી. બંને નેતાઓએ સંરક્ષણ અને ઔદ્યોગિક સહયોગ, પ્રાદેશિક સલામતી અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરી. બંને મંત્રીઓએ ભારત-અમેરિકા વચ્ચે પૂરવઠા સલામતી સમજૂતિ-SOSA અંગે ખુશી વ્યક્ત કરી હતી.

શ્રી સિંહે કહ્યું કે ભારત ક્ષમતા નિર્માણ, કાયમી ટેક્નોલોજી અને ઔદ્યોગિક ભાગીદારી માટે સંરક્ષણ ક્ષેત્રે અમેરિકા સાથે મળીને કામ કરવા આતુર છે.  સંરક્ષણ મંત્રીએ વોશિંગ્ટન ડીસીમાં અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાન સાથે પણ મુલાકાત કરી હતી.

# MODI POLAND UKRAINE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોલેન્ડ અને યુક્રેનનાં સફળ પ્રવાસ બાદ આજે દિલ્હી પરત ફર્યા છે. પ્રવાસ દરમિયાન શ્રી મોદીએ તેમનાં પોલેન્ડનાં સમકક્ષ સાથે મંત્રણા કરી હતી. બંને નેતાઓ દ્વિપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત કરવા સંમત થયા હતા. તેમણે વધુ સ્થિર, સમૃધ્ધ અને સાતત્યપૂર્ણ વિશ્વનાં નિર્માણ માટે દ્વિપક્ષીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સહકાર વધુ ઘેરો બનાવવાની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

યુક્રેનમાં પ્રધાનમંત્રી મોદી અને યુક્રેનના પ્રધાનમંત્રી વોલોદિમીર ઝેલેન્સ્કી વચ્ચે કિવમાં પ્રતિનિધી સ્તરની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સામુદાયિક વિકાસ, કૃષિ, સાંસ્કૃતિક આદાનપ્રદાન સહિતનાં ચાર ક્ષેત્રોમાં સમજૂતિ પત્રો પર હસ્તાક્ષર થયા હતા. શ્રી મોદીએ ખાતરી આપી હતી કે શાંતિ લાવવાનાં પ્રયાસ માટે જરૂરી તમામ પ્રયત્નમાં ભારત સક્રિય ભૂમિકા ભજવશે. રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુધ્ધ અંગે શ્રી મોદીએ પોતાનાં વિચારો આ રીતે વ્યક્ત કર્યા..

(Byte Modi)

યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ જણાવ્યું કે, રશિયા સાથેનાં યુધ્ધનો અંત લાવવામાં વૈશ્વિક રાજદ્વારી પ્રયાસોમાં ભારત મહત્વની ભૂમિકા ભજવી શકે છે. શ્રી મોદીએ ઝેલેન્સ્કીને ભારતની મુલાકાતે આવવા નિમંત્રણ આપ્યું હતું.--

# PM MAHARASHTRA RAJASTHAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મહારાષ્ટ્રના જળગાંવ અને રાજસ્થાનના જોધપુરનાં પ્રવાસે જશે. તેઓ સવારે જળગાંવમાં લખપતિ દીદી સંમેલનમાં ભાગ લેશે, જ્યાં તેઓ 11 લાખ નવી લખપતિ દીદીઓને પ્રમાણપત્ર એનાયત કરશે અને દેશભરની લખપતિ દીદીઓને સંબોધિત કરશે. તેઓ બે હજાર પાંચ સો કરોડ રૂપિયાનાં ભંડોળની પણ શરૂઆત કરશે, જેનાંથી સ્વ સહાય જૂથોનાં આશરે 48 લાખ સભ્યોને લાભ થશે. તેઓ પાંચ હજાર કરોડ રૂપિયાના બેન્ક ધિરાણનું પણ વિતરણ કરશે.

પ્રધાનમંત્રી સાંજે જોધપુર પહોંચશે. તેઓ રાજસ્થાન વડી અદાલતના હીરક જયંતિ સમાપન સમારોહમાં મુખ્ય અતિથી રહેશે. શ્રી મોદી રાજસ્થાન વડી અદાલતના ન્યાયાલય સંગ્રહાલયનું પણ ઉદઘાટન કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

# BJP CENTRAL ELECTION COMMITTEE

જમ્મુ કાશ્મીર અને હરિયાણામાં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારો અંગે ભારતીય જનતા પાર્ટીમાં મંથન અને બેઠકોનો દોર ચાલુ છે. રવિવારે દિલ્હીમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાનાં વડપણ હેઠળ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં પક્ષની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક મળશે.

આ બેઠકમાં જમ્મુ કાશ્મીરનાં લગભગ 24 ઉમેદવારોનાં નામ પર અંતિમ મહોર લગાવવામાં આવે તેવી સંભાવના છે. બેઠકમાં હરિયાણાનાં ઉમેદવારોનાં નામની પણ ચર્ચા થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીરમાં ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાશે, જેમાં પ્રથમ તબક્કામાં 18 સપ્ટમ્બરે 24 બેઠકો પર મતદાન યોજાશે.

# NEPAL ROAD ACCIDENT

નેપાળના તાનાહુન જિલ્લામાં ગઈ કાલે સર્જાયેલી બસ દુર્ઘટનામાં 27 ભારતીયોનાં મૃત્યુ થયા છે એમ કાઠમંડુ સ્થિત ભારતીય દૂતાવાસે જણાવ્યું છે. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી રક્ષા ખાડસે મૃતકો અને બચી ગયેલાઓને પરત લાવવાનાં કાર્યનું નિરીક્ષણ કરવા કાઠમંડુ પહોંચી ગયા છે.

સામાજિક માધ્યમની પોસ્ટમાં સુશ્રી ખાડસેએ જણાવ્યું કે, તેમણે નેપાળમાં ભારતના રાજદૂત નવીન શ્રીવાસ્તવ અને નેપાળના વિદેશ મંત્રાલયમાં સંયુક્ત સચિવ બ્રિધુ દુન્ગાના સાથે રાહત અને બચાવ કાર્ય તથા ત્રિભુવન આંતરરાષ્ટ્રીય વિમાનમથક ખાતેની તૈયારી અંગે ચર્ચા કરી હતી. દૂતાવાસે ચોવીસ કલાક કાર્યરત ટેલિફોન નંબર પણ જારી કર્યા છે.

મહારાષ્ટ્ર સરકારની વિનંતીને પગલે ભારતીય હવાઇ દળનું વિમાન મૃતકોનાં પાર્થિવ દેહને સ્વદેશ પરત લાવશે. આ દુર્ઘટના અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શોક વ્યક્ત કર્યો હતો. શ્રી મોદીએ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી મૃતકોના નજીકના સગાને બે લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાનાં વળતરની જાહેરાત કરી છે.

# GOYAL - MSMEEXPO

વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પીયૂષ ગોયલે આજે જણાવ્યું હતું કે સુક્ષ્મ, લઘુ અને  મધ્યમ એકમો- MSME મોટા ઉદ્યોગોને મહત્વપૂર્ણ પુરવઠા શૃંખલાઓ અને લાખો લોકોને રોજગાર પ્રદાન કરીને રાષ્ટ્ર નિર્માણમાં ફાળો આપે છે.

આજે નવી દિલ્હીમાં 10મા ભારત આંતરરાષ્ટ્રીય MSME સ્ટાર્ટઅપ પ્રદર્શન અને સંમેલનને સંબોધતા શ્રી ગોયલે જણાવ્યું કે, મોટા ઉદ્યોગો અને સાહસો માટે MSME સપ્લાયર્સ અને ગ્રાહકો તરીકે કામગીરી કરી છે. તેમણે જણાવ્યુ કે, દેશનાં પર્યટન અને માળખાકીય વિકાસમાં MSME મહત્વની ભૂમિકા ભજવે છે અને ભારતની નિકાસમાં તેમનો નોંધપાત્ર હિસ્સો છે.

શ્રી ગોયલે જણાવ્યું કે, સરકાર ક્વોલિટી કન્ટ્રોલ અંગેનાં આદેશો દ્વારા MSME ને મદદ કરે છે, જેનાંથી તેમને વિદેશમાં બિન વાજબી સ્પર્ધા સામે રક્ષણ મળે છે.

# INDIA-SINGAPORE ROUND TABLE

ભારત-સિંગાપોર મંત્રીસ્તરીય ગોળમેજી બેઠકનો બીજો તબક્કો સોમવારે સિંગાપોરમાં યોજાશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ, વિદેશમંત્રી એસ જયશંકર, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ તથા રેલવે અને માહિતી પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ આ બેઠકમાં ભાગ લેશે. પ્રવાસ દરમિયાન તમામ કેન્દ્રીય મંત્રીઓ સિંગાપોરમાં તેમના સમકક્ષ મંત્રીઓ સાથે પણ બેઠક કરશે.-

# BRAZIL FOREIGN MINSITER

બ્રાઝિલના વિદેશમંત્રી મૌરો વિએરા આવતીકાલે ભારતની ચારદિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચશે. વિદેશમંત્રી ડોક્ટર એસ જયશંકર અને શ્રી વિએરા મંગળવારે ૯મી ભારત-બ્રાઝિલ સંયુક્ત પંચની બેઠકનું સહ-અધ્યક્ષપદ કરશે. આ વર્ષની જી-20 નું પ્રમુખપદ બ્રાઝિલ પાસે છે, ત્યારે બંને દેશો ગયા વર્ષમાં ભારતમાં યોજાયેલી જી-20નું પરિણામ આગળ વધારી શકે છે.

# IMD – RAIN FALL

હવામાન વિભાગે આગામી બે દિવસ સુધી ગુજરાત, ગોવા, મધ્યપ્રદેશ સહિતનાં રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત આવતીકાલ સુધી છત્તીસગઢ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, પૂર્વ મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળનાં ગંગાના પ્રદેશોમાં પણ ભારેથી અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

હવામાન વિભાગે સપ્તાહ દરમિયાન હિમાચલપ્રદેશ, પૂર્વ રાજસ્થાન, જમ્મુ કાશ્મીર, લદ્દાખ, ગિલગીટ, પંજાબ, ઉત્તરપ્રદેશ, હરિયાણા, દિલ્હી અને પશ્ચિમ રાજસ્થાનમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

. . . . . . . . . . . . .

# REV. DHAWAN RETIREMENT

ભારતીય  બેટ્સમેન શિખર ધવને આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે.

38 વર્ષીય ધવને તેમના સોશિયલ મીડિયા પર નિવૃત્તિનો વીડિયો શેર કર્યો છે  અને પરિવાર, કોચ અને ટીમના સભ્યોનો તેમના સમર્થન માટે આભાર માન્યો છે.  શિખર ધવને ટીમ ઈન્ડિયા માટે 37 ટેસ્ટ, 167 વન-ડે  અને 68 T20માં ભાગ લીધો હતો. તેમણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કુલ 10 હજાર 867 રન બનાવ્યા છે જેમાં વનડેમાં 6793 રન સામેલ છે.

ધવનના નામે વન ડેમાં 17 સદી અને 39 અડધી સદી છે. તેમણે 15 મેચમાં ભારતની કેપ્ટનશિપ પણ કરી હતી. તેઓ છેલ્લી વખત ડિસેમ્બર 2022માં બાંગ્લાદેશ સામેની વનડે શ્રેણીમાં ભારત તરફથી રમ્યા હતા.  222-મેચની IPL કારકિર્દીમાં, ધવને 6,769 રન બનાવ્યા હતા.